# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ** **તા. ૨૪.૧૦.૨૦૧૮**

**'સ્ટેચ્યુ ઓફ યુનિટી 'દ્વારા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિરાટ પ્રતિભાને વિશ્વભરમાં ફેલાવી રહ્યાં છે. ત્યારે આ પ્રકારનો વિરોધ કોંગ્રેસનો "યલો ફીવર" છે. - શ્રી જીતુભાઈ વાઘાણી**

-------------------

**અછતના સમયે લોકોને પાણી પણ પહોંચાડી શકી નહોતી ,મુંગા પશુઓને ઘાસચારો પણ પહોંચાડવાને બદલે રફાળેશ્વર જેવો ગોટાળો અને ભ્રષ્ટાચાર કર્યા છે એ કોંગ્રેસને ગુજરાતમાં અછત વિશે કાંઈ બોલવાનો અધિકાર નથી. - શ્રી જીતુભાઈ વાઘાણી**

-------------------

ભાજપના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ આજે શ્રી કમલમ્ ખાતે ટી.વી. મીડીયા સમક્ષ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલના સ્ટેચ્યુ ઓફ યુનિટી બાબતે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અપમાનજનક શબ્દો ઉચ્ચારીને તથા વિપક્ષના નેતાએ પણ ભંગાર જેવા શબ્દોનો ઉપયોગ કરીને સરદાર સાહેબનું અપમાન કર્યું છે. જેને સખત શબ્દોમાં ભાજપ વખોડી કાઢે છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસના સાથી અન્ય પક્ષો પણ સરદાર સાહેબને એક જ્ઞાતિ સાથે જોડીને ઉચ્ચારણો કરીને અપમાનીત કરી રહ્યાં છે. કોંગ્રેસે જ્ઞાતિવાદને લઈને વર્ગવિગ્રહ કરવાના પ્રયાસ કર્યા. દેશની એકતા અને અખંડિતતાને જોખમમાં મુકવાનો પ્રયાસ કોંગ્રેસ પક્ષ કરી રહ્યો છે. કોંગ્રેસે સરદાર સાહેબ હયાત હતા ત્યારે પણ અપમાનિત કર્યા છે અને હયાત નથી ત્યારે પણ તેમના વિશેના અઘટિત ઉચ્ચારણોથી સરદારને અપમાનિત કરી રહ્યાં છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે, કોંગ્રેસને થયું છે શું? એ સમજાતું નથી. સરદારનું તૈલચિત્ર મુકવા કે ભારત રત્ન નહીં આપનાર કોંગ્રેસ કયા મોંઢે વાત કરે છે. સારી વાત કોંગ્રેસ સ્વીકારી શકતી નથી. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સરદાર સાહેબની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા તેમની પ્રતિભાને વિશ્વમાં ફેલાવી રહ્યાં છે. ત્યારે આ પ્રકારનો વિરોધ કોંગ્રેસનો "યલો ફીવર" છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું છે કે, રાજ્યમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે અછતના સમયે લોકોને પાણી પણ પહોંચાડી શકી નથી, મુંગા પશુઓને ઘાસચારો પણ પહોંચાડવાને બદલે રફાળેશ્વર જેવો ગોટાળો અને ભ્રષ્ટાચાર કર્યા છે એ કોંગ્રેસને ગુજરાતમાં અછત વિશે કાંઈ બોલવાનો અધિકાર નથી.

ભાજપાની સરકાર ગુજરાતમાં મૅન્યુઅલ પ્રમાણે અછત ગ્રસ્ત વિસ્તારોની જાહેરાત કરી છે અને વધુ પગલાં લેવામાં આવી રહ્યા છે. ગુજરાતની પ્રજા આ અછતની પરિસ્થિતિનો સામનો કરવામાં સહકાર આપે અને કોંગ્રેસ આ મુદ્દે રાજનીતિ કરવાની બંધ કરે.

(ડૉ. હર્ષદ પટેલ)
**પ્રદેશ કન્વીનર- મીડીયા સેલ**